| | |
|---|---|
| રજૂ તારીખ | ૨૫/૦૭/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૨૫/૦૭/૨૦૧૮ |
| ફૈંસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ:૦૭ માસ:૦૭ દિન:૧૨ |

**મે. મજુર અદાલત, સુરત ખાતેના ધ પેમેન્ટ ઓફ વેજીસ ઓથોરીટી**

**શ્રી એચ.ડી.રાજપુરા સાહેબ સમક્ષ.**

**પેમેન્ટ ઓફ વેજીસ અરજી નંબર – ૧૭૨/૨૦૧૮**

**આંક –૨૨**

**અરજદાર :** અભિલાખ સિંહ યાદવ (યુનિયન પ્રતિનીધી)
તથા પરીશીષ્ટ મુજબના કામદારો (ઉમર–૪૦)
C/o. સાંઈ સિલ્ક લેબર યુનિયન, કર્મયોગી સોસાયટી,
પ્લોટ નં.૧૫,૧૬ જિલ્લાની નગર,
૩૫ ઉન ગભેણી રોડ,સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા :** બી.કો ટવીટેક્ષ પ્રા.લી.
બ્લોક નં.૧૨૦/૧/એ –જલારામ હોટેલની બાજુમાં,
મોટા બોરસરા,તા.ઓલપાડ, જિ.સુરત.

**હાજર રહયા :**

**અરજદારો તરફે : વિ.પ્ર. શ્રી રવિભાઈ ચૌધરી.**

**સામાવાળાઓ તરફે : વિ.વ. શ્રી એમ.બી.ખાખરીયા.**

**(ચાલતા કામે છુટા થઇ ગયેલ).**

## –:: હુકમ ::–

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અમો અરજદાર આપ નામદાર ઓથોરીટીને નમ્ર અરજ કરી જણાવીએ છીએ કે,પરિશિષ્ઠ મુજબના કામદારો સાંઇ સિલ્ક લેબર યુનિયનના સભ્યો છે અને સદરહુ પરિશિષ્ઠ મુજબના કામદારો અમો અરજદારને આપેલ સતા અને અધિકારની રૂએ અમો આ અરજી આપ નામદાર ઓથોરીટી સમક્ષ રજુ કરવાની રજા લઇએ છીએ. આ કામના સામાવાળાને કાયદેસર ધી ફેક્ટરી એક્ટ, મીનીમમ વેજીસ એક્ટ, ધી આઇ. ડી.એક્ટ તેમજ અન્ય મજુર કાયદાની જોગવાઇઓનું પાલન કરવાની આ કામના સામાવાળાની કાયદેસરની ફરજ અને સંપૂર્ણ જવાબદારી છે.પરિશિષ્ઠ મુજબના કામદારો આ કામના સામાવાળાની સંસ્થામાં પરિશિષ્ઠ મુજબના વર્ષ, હોદો અને પગારથી ઘણાં જ ખંત, નિષ્ઠા તેમજ પ્રમાણિકતા તેમજ વફાદારી પૂર્વક તેઓની ફરજ બજાવી રહ્યા હતા. પરિશિષ્ઠ મુજબના કામદારો અને આ કામના સદરહુ સામાવાળા વચ્ચે કામદારો માલિકનો સંબંધ છે પરિશિષ્ઠમાં જણાવ્યા મુજબના કામદારોએ આ કામના સામાવાળાની સંસ્થામાં નોકરીના સમય દરમ્યાન ક્યારેય કોઇ ગુનો કે ગેરવર્તણુક કરેલ નથી અને તેઓની નોકરીના સમય દરમ્યાન સર્વિસ રેકર્ડ તદન ચોખ્ખો, ડાગ રહીતનો રહ્યો છે.આ કામના સામાવાળા સંસ્થા તરફથી પરિશિષ્ઠમાં જણાવ્યા મુજબના કામદારોએ કાયદેસર રીતે મળવા પાત્ર મજુર કાયદા મુજબના હક્કો અને લાભો જેવા કે હાજરી કાર્ડ, પગાર સ્લીપ, ઓળખ પત્ર, હકક રજા, બોનસ, ઓવર ટાઇમના કામનો પગાર, પી.એફ. તેમજ અન્ય હકકો અને લાભો આપવામાં આવતા ન હતા તેથી સદરહુ પરિશિષ્ઠ મુજબના કામદારોએ આ કામમાં સામાવાળા સંસ્થામાં માલિક પાસે ઉપરોક્ત હકકો અને લાભોની અવાર–નવાર રૂબરૂમાં મળીને માંગણીઓ કરેલ, પરંતુ આ કામના સામાવાળાએ પરિશિષ્ઠ મુજબના કામદારોને સદરહુ હકકો અને લાભો આપવાનું સ્પષ્ટપણે ઇન્કાર કરી દીધેલ અને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપેલ. તેથી પરિશિષ્ઠ મુજબના કામદારોએ યુનિયનમાં જોડાયને યુનિયન મારફત સદરહુ હકકો અને લાભોની આ

કામના સામાવાળા પાસે માંગણીઓ કરતાં આ કામના સામાવાળાએ પરિશિષ્ઠ મુજબના કામદારોને યુનિયન છોડી દેવા તેમજ ઉપરોક્ત તમામ માંગણીઓ ભુલી જવા ધમકીઓ આપતા હતા. પરંતુ સદરહુ કામદારોએ યુનિયન છોડી દેવાની ના પાડતા તેમજ માંગણી ભૂલી જવાની ના પાડતાં આ કામના સામાવાળા સદરહુ પરિશિષ્ટ મુજબના કામદારો ઉપર એકાએક ઉશ્કેરાય જઇને કિન્નાખોરી રાખી કામદારોના કોઇપણ વાંક કે ગુના વગર કે અગાઉથી કામદારો વિરૂધ્ધ પણ શો–કોઝ નોટીસ કે ચેતવણીની નોટીસ આપ્યા વગર કે કામદારો વિરૂધ્ધ કોઇપણ ખાતાકીય તપાસ કે ઈન્કવાયરી કર્યા વગર ફક્ત મૌખિક હુકમથી તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. આ કામના સામાવાળાએ પરિશિષ્ઠ કામદારોને નોકરીમાંથી કરતાં સમયે બાકી બેકારી,વળતર, ઓવરટાઇમના કામનો વળતર, બોનસ, હકક રજાનો પગાર, અઠવાડિક રજાઓનો પગાર તેમજ અન્ય લીગલ ફ્યુઝ ચુકવી આપેલ નથી અને ચુકવી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આ કામના સામાવાળા પરિશિષ્ટ મુજબના કામદારોની પાસેથી નોકરીના કલાકો ઉપરાંત વધારાના ચાર કલાક ફરજીયાત કામ લેતા હતા. એટલે કે સળંગ બાર કલાક કામ લેતાં હતા. પરંતુ વધારાના ચાર કલાકના ઓવરટાઈમના કામનો પગાર, સીંગલ કે ડબલ ગણીને કામદારોને ચુકવતાં ન હતા જેની રકમ મેળવવા કામદારો કાયદેસર રીતે હક્કદાર હોવાં છતાં આ કામનાં સામાવાળાએ સદરહુ રકમ કામદારોને ચુકવી આપવાની સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધેલ છે.આ કામના સામાવાળા પાસેથી પરિશિષ્ટ મુજબના સદરહુ કામદારોની કાયદેસરની લેણી નિકળતી રકમની વિગત જેવી કે માહે તા. ૦૧/૦૫/૨૦૧૮ થી છુટા કર્યા તારીખ સુધીનો બાકી પગાર, નોટીસ પગાર, બેકારી વળતર, ઓવર ટાઇમ કામનો પગાર, બોનસ, હકક રજાનો પગાર, કાયદેસર રજાઓની પગાર વિગેરે આ સાથેના પરિશિષ્ટ જણાવ્યા મુજબના છે.ઉપરોક્ત સંજોગોમાં આપ નામદાર ઓથોરીટી સમક્ષ સબબ અરજદાર દાદ માંગીએ છીએ કે,આ કામના સામાવાળાએ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના સદર કામદારોની લેણી રકમ ચુકવી આપે તે માટે સદર સામાવાળાને હુકમ ફરમાવશોજી.આ કામના સામાવાળાએ પરિશિષ્ટમાં જણાવ્યા

મુજબના સદર કામદારોની લેણી રકમ ગેરકાયદેસર રીતે રોકી રાખેલ હોય, સદરહુ રકમની દસ ગણી રકમ વળતર પેટે ચુકવી આપવા સામાવાળાને હુકમ ફરમાવશોજી.આ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી વસુલ અપાવશોજી.

અરજદાર તરફે તેની ઉપરકોત અરજી સાથે આંક – ૨ થી એટેચમેન્ટ સંદર્ભે ની અરજી આપેલ હોય અને જે અરજી જે–તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસર શ્રી ધ્વારા હુકમ કરી આંક – ૧ ની સાથે ચલાવાનુ હુકમ કરી તે મુજબ અરજી ફેસલ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

(૨) સદર અરજી સંદર્ભે સામાવાળાને જે–તે સમયે નોટીસ કરતા તેઓને નોટીસ બજી ગયેલ હોય અને સદર કામે હાજર થઈ આંક–૦૮ અરજદારની મુળ અરજી તથા આંક – ૨ ની અરજી સંદર્ભે કોમન જવાબ રજુ રાખેલ હોય અને જેમાં અરજદાર તરફે જણાવેલ હકકીતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ હોય અને વધુમાં જણાવેલ છે કે, ખરી હકીકતમાં આ કામના પરિશિષ્ટ મુજબના કામદારો પૈકી સિરિયલ નં.૧૨ સીતારામ સુખીરામ નામના કામદારે અમારી સંસ્થામાં માંહે જુલાઈ ૨૦૧૮ માં ૧૫ દિવસ નોકરીની ફરજ બજાવેલ છે અને ૧૫ દિવસ નો જે પગાર થતો હતો તે પગાર એમને તેમના બેંક ખાતામાં એન.એફટી ધ્વારા રૂા.૬,૦૦૦/– ચૂકવી આપવામાં આવેલ છે અને તે કામદાર જાતે જ કામ પર આવવાનું બંધ કરેલ છે તે સિવાયના પરિશિષ્ટ મુજબના એકપણ કામદારે અમારી સંસ્થામાં કદી પણ કામ કરેલ નથી કે અમો અને તેમની વચ્ચે કદીપણ માલીક કામદારોના સબંધો પણ ઉપસ્થિત થયેલ નથી અને જે પરિશિષ્ટ ના સિરિયલ નો ૧૨ ના કામદારે અમારી સંસ્થામાં જેટલો સમય કામ કરેલ છે તેમનો પગાર અમોએ એમને તેમના બેન્ક ખાતામાં ચૂકવી આપેલ હોઈ કાયદાનું પાલન ના કરવાનું કે પરિશિષ્ટમાં જણાવેલ વર્ષ, હોદા અને પગારથી ખંત વફાદારી પૂર્વક કામ કરવાનો કે નોકરીના સમયે કોઈ ગુંનો કે ગેરવર્તણુક કરવાનો કે સર્વીસ રેકર્ડ તદન ચોખ્ખો રેવાનો કે કાયદેસરના હક્કો અને લાભો આપવાનો કે સાહિત્ય આપવાનો કે આવી માંગણીઓ સંસ્થાના માલિક પાસે કરવાનો કે રૂબરૂ

મળવાનો કે આવા લાભો આપવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરવાનો કે નોકરીમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપવાનો કે યુનિયનમાં જોડાઈ ને આવા હક્કો અને લાભોની માંગણી કરવાનો કે યુનિયન છોડી દેવા કે માંગણીઓ ભૂલી જવા ધમકીઓ આપવાનો કે યુનિયન છોડી દેવાની ના પડતા એકાએક ઉશ્કેરાય જાયને કિન્નાખોરી રાખી કોઈપણ વાંક ગુના વગર નોટીસ કે ચેતવણી આપ્યા વગર મૌખિક હુકમથી તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ થી છુટા કરવાનો કે પરિશિષ્ટ મુજબના બાકી પગાર, બેકારી વળતર, ઓવરટાઈમ ના કામનો પગાર, બોનસ, હકકરજા નો પગાર, અઠવાડિક રજાનો પગાર, તેમજ અન્ય લીગલ ડ્યુઝ ન ચૂકવવાનો કે બાર કલાક કામ કરાવવાનો કે વધુ ચાર કલાક ના ઓવર ટાઈમ ના નાણાં ચુકાવવનો કે પરિશિષ્ટ મુજબના નાણાં ન ચૂકવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી કારણ કે અમો અને પરિશીષ્ટ ના સિરિયલ નં ૧૨ સિવાયના ના કામદારે અમારી સંસ્થામાં જેટલો સમય કામ કરેલ છે તેનો પગાર અમોએ ચુકવી આપેલ નથી અને આમ આ કામના અરજદારે અમારા સામે ખોટા નાંણા પડાવવા અને અમોને માનસિક ત્રાસ તથા ખોટી રીતે બ્લેકમેલ કરવા અને અમારા ધંધા ની આબરુને ઠેસ પહોંચાડવા આ ખોટો કેસ કરેલ હોવાનુ જણાઈ આવતુ હોય અરજદારની અરજી રદ કરવા નમ્ર અરજ છે.

તેમજ આ કામના અરજદારે તેમની અરજીના સમર્થનમાં એકપણ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી અને માત્ર ખોટો આક્ષેપો કરી આંક – ૨ ની અરજી ના પેરા ૮ માં ટેકસરોઈઝ મશીન ૨, ડબલરમ મશીન ૪, તેમજ બીકો ટેકસમાં આવેલ તમામ મિલકત અને મશીનરી તેમજ સ્થાવર અને જંગમ મિલકત એટેચ કરી જપ્તીમાં કરવા અરજ કરેલ છે પરંતુ અટેચમેન્ટ બીફોર જડજમેન્ટ આપતા પહેલા અરજદારે તેમનો કેસ પુરવાર કરવો પડે અને નામદાર કોર્ટમાં લેણા બાબતના પુરાવા તથા મશીનરી અને મિલકતના માલીકીના પુરાવા રજુ કરવા પડે અને સાબિત કરવુ પડે કે તેમની અમારા પાસેથી લેણી

નીકળે છે અને ભવિષ્યમાં તે વસુલ કરવા મુશ્કેલ પડે તેમ છે. તેવા જ કેસમાં આવો જપ્તીનો હુકમ ત્યારે જ થઈ શકે જયારે આ કામના પરીશીષ્ટ મુજબના કામદારો પૈકી સિરીયલ નં.૧૨ સીતારામ નામના કામદારે અમારી સંસ્થામાં માહે જુલાઈ ૨૦૧૮ માં ૧૫ દિવસ નોકરીની ફરજ બજાવેલ છે અમારી સંસ્થામાં જેટલો સમય કામ કરેલ છે તેનો પગાર અમોએ ચુકવી આપેલ છે તે સિવાયના અરજદારોએ અમારી સંસ્થામાં કામ કરેલ નથી કે અમો અરજદારો વચ્ચે માલીક કામદારના સંબધ પણ ના હોઈ તેથી પણ ંઆક – ૨ ની અરજી માં જે માંગણી કરેલ છે અને દાદ માંગેલ છે તેવી કોઈ દાદ મેળવવા હકકદાર થતા નથી તેવુ જાહેર કરવા નમ્ર અરજ છે. આ કામના પરીશીષ્ટના સિરીયલ નં.૧૨ સિવાયના એકપણ કામદારે કદીપણ અમારી સંસ્થામાં કામ કરેલ ના હોઈ અને સિરીયલ નં. ૧૨ ના કામદારે જેટલા દિવસ અમારી સંસ્થામાં કામ કરેલ છે તેટલો પગાર તેમના બેંક ખાતામાં ચુકવી આપવામાં આવેલ હોય આંક – ૧ તથા આંક – ૨ ની અરજી માં જે દાદ માંગેલ છે તેવી એકપણ દાદ મેળવવા અરજદારો હકકદાર થતા નથી તેવુ જાહેર કરવા નમ્ર અરજ છે.

(૩) સદર કામ અરજદારના પુરાવા ઉપર આવતા અરજદાર તરફે આંક–૧ ની અરજી સાથે રજુ રાખેલ પરીશીષ્ટમાં જણાવેલ કામદારો ના સર–તપાસના સોંગદનામા આંક – ૧૦ થી ૧૪ થી રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે. પરંતુ આંક – ૧૦ થી ૧૪ ધ્વારા સોંગદનામુ કરનાર કામદારો પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ માટે હાજર રહેતા ન હોય સામાવાળા તરફે આંક – ૨૦ થી આપેલ અરજી અન્વયે વીગતવાર હુકમ કરી કામદારો ઉલટ–તપાસ માટે હાજર રહેલ નથી તેનો નોંધ લઈ અરજદારનો પુરાવાનો હકકબંધ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**(૩/૧)** સદર કામે સામાવાળા તરફે આંક – ૧૫ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચે મજુબના દસ્તાવેજો રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

## :: દસ્તાવેજી પુરાવા ::

| નિશાની | વિગત |
|---|---|
| ૧૫/૧ | સામાવાળા સંસ્થાના જુલાઈ–૨૦૧૭ થી જુલાઈ–૨૦૧૮ સુધીના પગાર પત્રકની સેલ્ફ એટેસ્ટેડ નકલ. તારીખ:–જુલાઈ–૧૭ થી જુલાઈ–૧૮. |

સદર કામે ચાલતા કામે આંક – ૨૦ ની અરજી અન્વયે હુકમ કર્યા બાદ સામાવાળા તરફે વીદવાન વકીલશ્રી સદર કામે સામાવાળાની જાણ કરી છુટા થયેલ હોય તે સંદર્ભે ની પુરસીસ તથા પુરાવા આંક – ૨૧ થી રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

ત્યારબાદ સામાવાળા તરફે સદર કામે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રજુઆત ન હોય જે ધ્યાને લઈ આંક – ૧ અન્વયે હુકમ કરી સામાવાળાનો પુરાવાનો તથા દલીલનો હકકબંધ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે. અરજદાર તરફે પ્રતિનીધીશ્રી ધ્વારા રેકર્ડ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા અરજ કરે લ છે.

**(૪)** આ કામે રેકર્ડ ઉપરની હકીકતે રજુ થયેલ પુરાવા તેમજ દલીલો ધ્યાને લેતા આ અરજીના ન્યાયનિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## :: <u>મુદ્દા</u> ::

**૧.** શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી અરજી સાથે રુજ રાખેલ પરીશીષ્ટમાં જણાવેલ લેણી રકમ મેળવાવ તથા માગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હકકદાર છે?

૨. શું હુકમ?

:: **<u>નિર્ણયો</u>** :

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ.**

:: **<u>કારણો</u>** ::

**<u>મુદ્દા નંબર (૧)</u> :**

(૫) અરજદાર તરફે હાલની અરજી સામાવાળા સામે પરીશિષ્ટ માં જણાવેલ કામદારોના બાકી નીકળતા નાણાની રકમ મેળવવા સારુ પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબ કરેલાનું આંક–૧ ની અરજી લક્ષમાં લેતા જણાય આવે છે. સદર કામે સામાવાળા તરફે વકીલ શ્રી હાજર થયેલ હોય અને તેના ધ્વારા આંક–૦૮ થી જવાબ રજુ રાખેલ નુ રેકર્ડ જોતા જણાય આવે છે. કામ અરજાદરના પુરાવા ઉપર આવતા અરજદાર તર્ફે આંક–૧ ની અરજી સાથે રજુ રાખેલ પરીશીષ્ટમાં જણાવેલ કામદારો ના સરતપાસના સોંગદનામા આંક – ૧૦ થી ૧૪ થી રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે. પરંતુ આંક – ૧૦ થી ૧૪ ધ્વારા સોંગદનામુ કરનાર કામદારો પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ માટે હાજર રહેતા ન હોય સામાવાળા તરફે આંક – ૨૦ થી આપેલ અરજી અન્વયે વીગતવાર હુકમ કરી કામદારો ઉલટ–તપાસ માટે હાજર રહેલ નથી તેનો નોંધ લઈ અરજદારનો પુરાવાનો હકકબંધ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

સદર કામે અરજદારનો પુરાવાનો હકકબંધ થયા બાદ અરજદાર તરફે હાજર થઈ પોતાનો પુરાવાનો હકક ખોલાવેલ હોય કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય, તેમજ અરજદાર ધ્વારા તેની હાલની

અરજીમાં માંગેલ રકમ સંદર્ભે તથા સામાવાળા તરફે લીધેલ તકરાર બાબતે તેમજ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભેની કોઈ હકીકત સોગદઉપર પુરાવો આપી જાહેર કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી. આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા અરજદાર ધ્વારા તેની અરજીમાં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા તેઓ ખરેખર હકકદાર હોવાનુ પુરાવાઓ થી સાબીત કરી શકેલ ન હોવાનુ અમોનુ નમ્ર પણે માનવુ હોય જેથી હાલની અરજી મંજુર કરવી ન્યાય ઉચીત જણાતુ ન હોય મુદ્દા નંબર – ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર – ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧) અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**૨) પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવો.**

**હુકમ આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.**

**તારીખ :– ૦૯/૦૩/૨૦૨૬**

**સુરત.**

**(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)**
**ઓથોરીટી,**
**વેતન ચુકવણી અધીનીયમ,**
**મજુર અદાલત (એસ.ડી) નંબર ૪,**
**સુરત.**
**(CODE NO GJ01291)**